# રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં જૂનીયર કલાર્કની ભરતી અંગે જાહેર સૂચના

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સીટીઓમાં જુનીયર કલાર્કની ભરતી માટે જાહેરાત બહાર પાડવામાં આવેલ છે અને જેની ભરતીમાં પરિક્ષા સહિતની તમામ કાર્યવાહી બાકી છે જેથી હાલ કોઇને નિમણૂંકના હુકમ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દરમ્યાનમાં યુનિવર્સીટીના ધ્યાન ઉપર આવેલ છે કે કેટલાંક લેભાગુ તત્વો આ ભરતી પ્રક્રિયા સાથે તેમને કાંઇ લાગતું વળગતું ન હોવા છતાં પોતે ભરતી કરાવી શકે છે અને નિમણૂંકનો હુકમ પણ અપાવી શકે છે તેવો ખોટો પ્રચાર કરીને તેમજ ખોટી લાલચ આપીને છેતરપીંડી આચરી રહ્યા છે, અને નિમણૂંકના ખોટા હુકમો પણ આપી રહ્યા છે. આથી અરજી કરનારા તમામ ઉમેદવારોને અને જાહેર જનતાને આવા કોઇ લેભાગુ માણસોની વાતમાં ન આવવા અને છેતરપીંડીનો ભોગ ન બને તે માટે અપીલ કરવામાં આવે છે.

**સ્થળ:** જૂનાગઢ<br>
**તારીખ:** ૦૬ .૦૯.૨૦૧૯

કુલસચિવ<br>
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી<br>
જૂનાગઢ